**Sandesh (Suppl.: Citylife)**

EDII

September 28, 2024
Pg. 6

# EDIIમાં આર્મી, નેવી અને એરફોર્સના ઓફિસર્સે ઉદ્યોગ સાહસિકતાના પાઠ શીખ્યા

## ઇડીઆઇઆઇએ સંરક્ષણ કર્મચારીઓ માટે વિશિષ્ટ તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું



**સિટી લાઈફ |** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(E-DII) અમદાવાદ કેમ્પસ ખાતે ભારતીય સશસ્ત્ર દળોના જુનિયર કમિશન્ડ ઓફિસર્સ (JCOs) અને અન્ય રેન્ક (ORs) માટે 'સંરક્ષણ કર્મચારીઓની ઉદ્યમી તાલીમ' નું આયોજન કર્યુ હતું. ૧૨ સપ્તાહના આ પ્રોગ્રામમાં આર્મી, નેવી અને એરફોર્સના ૩૧ કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સશસ્ત્ર દળોથી નાગરિક જીવનમાં સંક્રમણ સાથે આવતા અનોખા પડકારો અને તકોને સમજતા અભ્યાસક્રમમાં વ્યવસાયિક વિચારધારા, આયોજન, નાણાકીય વ્યવસ્થાપન, માર્કેટિંગ, નેતૃત્વ અને વ્યવહારિક વ્યવસાય અમલીકરણમાં વ્યાપક તાલીમ આપવામાં આવી હતી અને સહભાગીઓને તેમના લોન્ચ અને સંચાલન માટે જરૂરી જ્ઞાન અને સાધનો સાથે સશક્તિકરણ આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના સમાપન સમારોહમાં જાણીતા મહાનુભાવો જેમ કે, બ્રિગેડિયર એન વી નાથ, ગ્રુપ કમાન્ડર, એનસીસી ગ્રુપ, અમદાવાદ અને ભારતીય સેનાના લેફ્ટનન્ટ કર્નલ રાકેશ કુમાર ઉપસ્થિત રહ્યા હતા. પ્રતિષ્ઠિત મહેમાનોએ તેમના કર્મચારીઓના કૌશલ્ય અને જ્ઞાનમાં સુધારો કરવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. તેઓએ તેમના પોતાના જીવનની ઘટનાઓ પર પ્રકાશ પાડ્યો કે કેવી રીતે જીવનનો દરેક ચેપ્ટર તકોને રજૂ કરે છે.

### આર્મી સર્વિસ પછી જવાનોને પગભર બનાવવા પ્રોગ્રામ ડિઝાઈન કર્યો

"ઉદ્યોગ સાહસિક કૌશલ્ય સશસ્ત્ર દળોમાંથી નાગરિક જીવનમાં સંક્રમણની પ્રક્રિયાને સરળ બનાવી શકે છે. આ કાર્યક્રમ ખાસ કરીને સશસ્ત્ર દળના કર્મચારીઓને તેમના યૂનિક વ્યક્તિત્વના ગુણો પર લાભ મેળવવા, ઉદ્યોગસાહસિક કૌશલ્ય પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી ડિઝાઇન કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત યોગ્યતાઓ અને તેમના પોતાના વ્યવસાયને ફ્લોટ કરવા માટે હું ખુશ છું કે, અમે તેમને યોગ્ય રીતે સલાહ અને તાલીમ પ્રદાન કરી શક્યા. પ્રશિક્ષણ કાર્યક્રમ બે તબક્કામાં હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં સૈદ્ધાંતિક શિક્ષણ સાથે વ્યવહારિક એક્સપોઝરનો સંયોજન કરવામાં આવ્યો હતો. બીજા તબક્કામાં સહભાગીઓ પ્રોજેક્ટ આધારિત પ્રાયોગિક શિક્ષણ આપવામાં આવ્યું, જેમાં બજાર સંશોધન અને વાસ્તવિક વ્યવસાયિક વાતાવરણમાં ક્ષેત્રના સંપર્કનો સમાવેશ થતો હતો.

-ડો. સુનિલ શુક્લા, EDII, ડાયરેક્ટર